# હજુ ઓક્ટોબર માસના અંત સુધી ગુજરાત-સૌરાષ્ટ્રમાં વરસાદ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે હજુ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદ વરસી શકે છે.

ચોમાસાની વિદાય વચ્ચે પણ આ વખતે રાજ્યના ઘણા ભાગોમાં ઓક્ટોબર માસમાં પણ વરસાદ થવામાં હતો. આ વખતે બંગાળના સાગરમાં વિશિષ્ટ પરિસ્થિતિના કારણે તેમજ અરબી સમુદ્રમાં હવાના હળવા દબાણથી વરસાદ થયો હતો. ઓક્ટોબર માસમાં ૨૨ થી ૨૬ દરમ્યાન ગુજરાત-સૌરાષ્ટ્રમાં વરસાદ પડી શકે. વલસાડ, નવસારી, સુરત, વાપી, તાપી અને ડાંગના કેટલાક ભાગોમાં વરસાદ આવી શકે. ઉત્તર મધ્ય ગુજરાતનું હવામાન પલ્ટી શકે. તા. ૩૧ ઓક્ટોબરના રોજ ચંદ્ર જો વાદળોથી ઘેરાયેલ હોય અને ઘાટા વાદળોમાં ચંદ્ર રહે તો નવેમ્બર તા. ૬ સુધીમાં દરિયાકિનારાના ભાગોમાં ભારે હવાના હળવા દબાણ ઉભા થશે અને દરિયો તોફાની બની શકે. આ અરસામાં મધ્ય ગુજરાતના ભાગોમાં હવામાનમાં પલ્ટો આવવાની શક્યતા રહે. ચોમાસાની વિદાય હોવા છતાં બંગાળના ઉપસાગરમાં હવામાં દબાણ ઉભા થશે જેના કારણે હવે ધીરે ધીરે ટાઈફન બનવા લાગશે. ચીનમાં ઠંડી થવા લાગશે. દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશો હવે ઠંડા થવા લાગશે. જેની હવા દક્ષિણ તરફ ધકેલાશે અને બંગાળના ઉપસાગરમાં છેક ડિસેમ્બર સુધી ચક્રવાતોનું પ્રમાણ વધતુ જશે.

# જુના સચિવાલયના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ શરૂ

## વરસાદી દિવસોના અંતે ખખડધજ બનેલા માર્ગોની દશા સુધારવા તાત્કાલિક કામ હાથ ધરાયુ : થર્મોપ્લાસ્ટના પટ્ટા અને સાઇન બોર્ડ સહીત સેન્ટ્રલ વર્જનુ પણ કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૧

જુના સચિવાલયમાં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાયુ છે. છેલ્લા ઘણાં સમયથી જુના સચિવાલયના માર્ગોની હાલત અત્યંત ખરાબ થઈ હતી જયારે વરસાદી દિવસોના અંતે માર્ગો ઉબડ ખાબડ બનતા મુલાકાતીઓ પણ પરેશાન હતા આ સ્થિતિને ધ્યાને લઈ જુના સચિવલાય સંકુલમાં માર્ગોને ચકચકાટ બનાવવા માટે ઉચ્ચ કક્ષાએથી સુચના આપવામાં આવી હતી. જેના અંતે સચિવાલય સંકુલના માર્ગોનુ પેવરકામ હાથ ધરાયુ છે. માર્ગ સુધારણા ઉપરાંત થર્મોપ્લાસ્ટના પટ્ટા અને સેન્ટ્રલ વર્જ સહીતની કામગીરી હાથ ધરાશે.

શહેરના સેકટરોમાં પણ વરસાદી દિવસોના અંતે માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરાઈ છે. નવા સચિવાલયમાં સિકયુરીટી અને સુવિધાના મામલે સમયાંતરે બધુ અપગ્રેડ થતુ રહે છે. જયારે જુના સચિવાલયમાં નવિનીકરણ અને જાળવણીના કામો પણ મંદ ગતિએ હાથ ધરવામાં આવે છે. જુના સચિવલાય સંકુલમાં છેલ્લા ઘણાં સમયથી માર્ગો બદતર હાલતમાં હતા જયારે વરસાદી દિવસોના અંતે માર્ગોની હાલત વધુ કફોડી બની હતી જેના લીધે સચિવાલય સંકુલમાં આવતા મુલાકાતીઓ પણ પરેશાન થતા હતા જુના સચિવાલય સંકુલના આ ખખડધજ માર્ગોની સુધારણા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે. સચિવાલય સંકુલમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવા માટે ઉચ્ચ કક્ષાએથી સુચના આપવામાં આવી હતી. જયારે આ સુચનાના અંતે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી પણ ત્વરિત કામ શરૂ કરી દેવાયુ હતુ. સચિવાલય સંકુલમાં માર્ગ સુધારણાની સાથે થર્મોપ્લાસ્ટના પટ્ટા તેમજ સેન્ટ્રલ વર્જના પટ્ટા પણ કરવામાં આવી રહ્યા છે. સેન્ટ્રલ વર્જ તેમજ સાઈન બોર્ડનુ પણ કામ કરાશે. આ સઘળી કામગીરી પાછળ અંદાજિત રૂ ૩૦ લાખનો ખર્ચ કરાશે.



# ઘ-૫ ખાણી પીણી બજારની રોનક નિખરશે : દુકાનોનુ રીનોવેશન કરાયુ

## ઘ-૫ ફુડકોર્ટની દુકાનો માટે હરાજીમાં ૪૦ હજાર સુધીનુ ભાડુ ચુકવવા અરજદારોની તૈયારી : ૪૫ દુકાનો ભાડા પેટે ફાળવવા પ્રક્રીયા પુર્ણ

ગાંધીનગર તા ૨૧

શહેરના હાર્દ સમા ઘ-૫ વિસ્તારમાં છેલ્લા ઘણાં વર્ષોથી ફુડકોર્ટની દુકાનો ખાલી છે. જાળવણીના અભાવે ખંડેર બનેલી આ દુકાનોનુ રીનોવેશન પણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્ય છે. જયારે બીજીતરફ આ દુકાનો હરાજીથી ભાડા પેટે ફાળવવા માટે પણ પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેમાં ૪૦ હજાર સુધીનુ ઉંચુ ભાડુ ચુકવી અરજદારોએ ફુડકોર્ટની દુકાન ભાડે લેવા માટે રસ દાખવ્યો છે. હાલ ૪૫ દુકાનો ભાડા પેટે ફાળવવા માટેની કાર્યવાહી આખરી થઈ છે.

ગાંધીનગરમાં ઘ-૫ સ્થિત ફુડોકોર્ટમાં હજુ પણ દુકાનોની ફાળવણીની પ્રક્રીયા બાકી છે. અલબત વર્ષોના અંતે નિર્માણ કરાયેલી ફુડકોર્ટ જાળવણીના અભાવે ખંડેર બન્યા બાદ તંત્ર દ્વારા આ ખંડેર સ્ટોલ્સના રીનોવેશન માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી હતી. વર્ષો સુધી બિનઉપયોગી ફુડકોર્ટની દુકાનો ઉપયોગના અભાવે ખંડેર બની હતી જેથી તંત્રએ સર્વે હાથ ધરી આ દુકાનોના રીનોવેશનનુ કામ હાથ ધર્યુ હતુ. જેમાં દુકાનના શટલથી માંડીને પ્લાસ્ટર સહીતની કામગીરી કરવામાં આવી છે બીજીતરફ ફુડકોર્ટમાં સ્થિત ૫૭ જેટલી દુકાનોના રીનોવેશનના અંતે ભાડા પેટે ફાળવવા માટે પણ હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી જેમાં તળિયાનુ ભાડુ અંદાજિત રૂ ૯ ,૪૦૦ નક્કી કરાયુ હતુ જો કે અરજદારોએ દુકાન ભાડે મેળવવા માટે હરાજીમાં ૨૦ થી ૪૦ હજાર રૂપિયા સુધીનો ઉંચો ભાવ મુક્યો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

ત્યારે આ પૈકી હજુ ૧૨ જેટલી દુકાનો ફાળવવાનુ બાકી છે. જયારે બાકીની દુકાનો ફાળવવા માટે પ્રક્રીયા આખરી કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં આ દુકાનો ભાડા પેટે ફાળવવા માટેની પ્રક્રીયા પણ આખરી કરી દેવાશે. ઘ-૫ સ્થિત ફુડકોર્ટમાં બાકી રહેતી દુકાનો પણ ફાળવી દેવાતા આગામી દિવસોમાં આ વિસ્તારમાં ખાણી પીણી બજારનો વ્યાપ વધશે. જેનાથી ઘ-૫ ચોપોટીની રોનક નિખરશે.



# સે. ૭માંથી ૫ કેસ : સે. ૨૨માંથી ૩ કેસ સહિત શહેરમાં વધુ ૨૦ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં કોરોના આજે સે. ૭ માં બેકાબુ બની ગયો છે. સે. ૭ માંથી પાંચ કેસ તો સે. ૨૨ માંથી વધુ ૩ કેસ અને સે. ૨૦ માંથી બે કેસ સાથે વધુ ૨૦ કેસ મળી આવ્યા છે.

શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ખુબજ ઝડપથી વધી રહી છે. આજે મળેલા કેસો સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૭૨૦ થઈ છે. શહેરમાં વધતા જતા કોરોના સંક્રમણના કેસોએ તંત્રની ચિંતા વધારી દીધી છે.

**આજે સે. ૭ માંથી પાંચ, સે. ૨૨ માંથી ૩, સે. ૨૦ માંથી ૨ ઉપરાંત જીઈબી, ધોળાકુવા, સે. ૨૧, ૫, ૨૪, ૨૮, ૧, ૮, ૨૭ અને સે. ૨ માંથી કેસ મળી આવ્યા**

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી પણ આંતરે દિવસે કેસો મળતા થયા હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે. જો કે રાજ્ય સરકારે આજે મનપા વિસ્તારમાંથી ૨૯ કેસ નોંધાયાનું તેની સત્તાવાર યાદીમાં જણાવ્યુ છે.

આજે નવથી વધુ દર્દીઓ મોટી વયના મળી આવ્યા છે. પાંચ મહિલા દર્દીઓ પણ આજે મળી આવ્યા છે. શહેરમાં મોટી વયના દર્દીઓ જે રીતે મળી રહ્યા છે તેને લક્ષમાં લઈ તંત્ર દ્વારા વારંવાર અપીલ કરવામાં આવી રહી છે કે મોટી વયના લોકોએ અનિવાર્ય ના હોય તો ઘરની બહાર નીકળવાનું ટાળે.

આજે સે. ૭ માંથી પાંચ, સે. ૨૨ માંથી ૩, સે. ૨૦ માંથી ૨ ઉપરાંત જીઈબી, ધોળાકુવા, સે. ૨૧, ૫, ૨૪, ૨૮, ૧, ૮, ૨૭ અને સે. ૨ માંથી કેસ મળી આવ્યા છે.

જીઈબી કોલોનીમાં રહેતા અને જીઈબી મિત્ર તરીકે ફરજો બજાવતા ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામીણ વિસ્તારમાં નવા ૧૭ કેસ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે કોરોનાના ૧૭ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના સંક્રમણના કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે.

મોટી ઉંમર ધરાવતા દર્દીઓ કોરોનાથી સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. ગાંધીનગર તાલુકામાં કોરોના વધુ ને વધુ વકરી રહ્યો છે. જો કે કલોલમાં પણ કેસો મળી રહ્યા છે પરંતુ કલોલમાં સ્થિતિ નિયંત્રણમાં હોવાનું તંત્રનું કહેવુ છે.

જિલ્લામાં આજે ગાંધીનગરમાંથી ૯, દહેગામમાંથી ૨, માણસામાં ૩ અને કલોલમાંથી ૩ કેસ મળી આવ્યા છે. નોકરીયાત વર્ગ કોરોનાથી વધુ સંક્રમિત થઈ રહ્યો હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા ૧૭ કેસમાં ૧૧ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્ય છે.

ગ્રામીણ વિસ્તારમાં પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારનાર દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે જો કે આ આંક ૯૦ ની આસપાસ જ હોવાનું તંત્રના સૂત્રોનું કહેવુ છે.

વાસણા હડમતિયા ગામેથી આજે ૩૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અડાલજમાંથી ૪૭ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કુડાસણમાંથી ૪૬ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

**દર્દીઓની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર : ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં કેસો વધી રહ્યા છે : ગાંધીનગરમાં ૯, દહેગામમાં ૨, કલોલમાં 3 અને માણસામાં 3 કેસ નોંધાયા**

રાંદેશણ ગામેથી ૩૩ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સુઘડ ગામેથી ખાનગી નોકરી કરતી ૨૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઝુંડાલ ગામેથી ૫૯ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર શહેરની નજીક આવેલ પેથાપુર ગામેથી આજે ત્રણ કેસ મળી આવ્યા છે. જેમાં એક દંપત્તિ પણ કોરોનાની ઝપટે ચડી ગયુ છે. ૫૯ વર્ષીય પુરૂષ અને ૫૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઉપરાંત પેથાપુરમાંથી એક ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પણ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

દહેગામમાંથી આજે બે કેસ મળી આવ્યા છે. આ બન્ને કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે. દહેગામ અર્બનમાંથી ૪૫ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વેપારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

માણસા તાલુકામાં આજે ૩ કેસ નોંધાયા છે. માણસા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

ઈટાદરા ગામેથી ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ધોળાકુવા ગામેથી ૩૩ વર્ષીય યુવા ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ખેડૂતે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. મકાખાડ ગામેથી ખાનગી નોકરી કરતા ૨૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કલોલમાંથી પણ આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. જેમાં એક કેસ ગ્રામ્યવિસ્તારમાંથી અને બે કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે.

કલોલ તાલુકાના પલસાણા ગામેથી ૭૩ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અર્બન-૨ વિસ્તારમાંથી ૩૬ વર્ષીય ખાનગી નોકરી કરતા યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લામાં કોરોનાનો રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૨૨૦૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૧૫૮ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૪,૫૦૩ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.



ઘર નવરાત્રી - નવરાત્રીમાં રાસ-ગરબાના પ્રતિબંધના પગલે ગરબાપ્રેમીઓ હવે ઘરના દિવાનખંડમાં માતાજીનું સ્થાપન કરી રેકોર્ડેડ ગરબા પર ગરબા ઘુમીને માતાજીની આરાધના કરે છે... અમદાવાદ, ગાંધીનગર નહિ પણ ગુજરાતભરમાં ઘર નવરાત્રીનો ટ્રેન્ડ વ્યાપક બનતો જાય છે... ત્રણ-ચાર પરિવારો સાથે મળી સજી-ધજીને ગરબા ઘુમવાનો શોખ પૂરો કરે છે...

# વન આરક્ષિત વિસ્તારમાં દબાણો દુર કરવા સર્વે હાથ ધરાશે

## હરિયાળા વૃક્ષોની વનરાજી વચ્ચે અસ્તિત્વમાં આવતા ઝુંપડાના દબાણોના લીધે અનેક સમસ્યાઓ ઉદભવે છે : સર્વેના અંતે વનતંત્ર દબાણો દુર કરવા કામે લાગશે

ગાંધીનગર તા ૨૧

શહેરના સેકટરોમાં લારી ગલ્લાના દબાણો વધતા જાય છે. ત્યારે શહેરના ફુટપાથ અને પાર્કીંગ પ્લેસ સહીત વન આરક્ષિત વિસ્તાર પણ દબાણોની ચુંગાલમાં આવતો જાય છે. વન આરક્ષિત વિસ્તારમાં દબાણો દુર કરવા માટે વનતંત્ર દ્વારા આ મામલે સર્વે હાથ ધરાશે. ત્યારબાદ દબાણો દુર કરવાની કાર્યવાહી પણ હાથ ધરાશે. હાલ ઘ-૨ નજીક વન આરક્ષિત વિસ્તારમાં દબાણો વધ્યા છે.

શહેરમાં દબાણો દુર કરવા માટે સેકટરોમાં નાટકીય ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા

● અનુસંધાન પાન-૭ પર


૧૫૭ કાઉન્ટર સાથે જીલ્લામાં એન્જિનીયર, બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ

કપચી-ગ્રીટ મેટલ

વડાગામ યુનિટ દ્વારા ઉત્પાદિત

BIRLA TMT STEEL પ્રીમીયમ બ્રાન્ડ

હંમેશા એક કદમ આગે

Steel Tiger Award Winner

Build the Trust Since 1983

કૈલાસ ટ્રેડર્સ (લોદરાવાળા)

UltraTech CEMENT The Engineer's Choice

૯૮૨૪૨ ૬૧૨૨૫, ૯૮૨૫૦ ૫૧૬૭૫

ગોડાઉન : ખ-૨ ચોકડી, સેક્ટર-૪/સી કોર્નર, ગાંધીનગર

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં

સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ

EMERGENCY 24 HOURS SERVICES

સુવિધાઓ
- આઈ.સી.યુ.ની સુવિધા
- 2D Echo
- અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
- સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
- એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
- મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા

ઉપલબ્ધ સારવાર

ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન

સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન

મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ

પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી

કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર

ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન

For Appointment : Mo. : 84698 80550

OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.

આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦

કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com